# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-08-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

*****************************************************

- ✓ કોલકતામાં તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યા બાદ દેશભરના નિવાસી તબીબોની હડતાળને કારણે આરોગ્ય સેવાઓ ઉપર અસર
- ✓ આતંકવાદીઓ સાથે સાઠંગાંઠ ધરાવતા નવ લોકોની જમ્મુ કાશ્મીર પોલીસે ધરપકડ કરી..
- ✓ માછીમારોની સલામતી માટે બોટ ઉપર એક લાખ ટ્રાન્સપોન્ડર લગાવવાનો સરકારનો નિર્ણય
- ✓ શેખ હસીનાના ભારતના રોકાણની બંને દેશોના સંબંધો પર કોઇ અસર નહીં પડે તેવી બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયનું નિવેદન
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના વિરાટનગરમાં તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરવાશે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DOTCTOR’S STRIKE

કોલકતામાં તબીબની થયેલા દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં દેશભરના સરકારી હોસ્પિટલના નિવાસી તબીબો હડતાળ ઉપર ઉતર્યા છે. તબીબોની હડતાળને કારણે આરોગ્ય વ્યવસ્થા ઉપર અસર થઇ છે..

ઝારખંડ અને મહારાષ્ટ્રમાં પણ તબીબોની હડતાળની વ્યાપક અસર થઇ હતી.. સારવાર માટે આવતા દર્દીઓને હાલાકીની સામનો કરવો પડી રહ્યો છે

# J-K---TERROR-ASSOCIATES.RTF

જમ્મુ-કાશ્મીર પોલીસે જમ્મુના સાંબા-કઠુઆ સેક્ટરમાં આતંકવાદીઓના નવ સહયોગીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓએ ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓને ઉધમપુર, કઠુઆ અને ડોડા જિલ્લાના વિવિધ વિસ્તારો સુધી પહોંચાડવામાં મદદકરી હતી. આ સમૂહના મુખ્ય આરોપી  તરીકે કઠુવા જિલ્લાના મોહમ્મદ લતીફ ઉર્ફે હાજી લતીફની ઓળખ  થઈ છે.

સ્થાનિક પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે આ કેસમાં કુલ 50 વ્યક્તિઓની પુછપરછ  કરવામાં આવી છે. જેમાં તેઓએ આતંકવાદીઓને ખોરાક,આશ્રય અને સંદેશાવ્યવહારની મદદ પૂરી પાડી હતી જેમાંથી કેટલાંકે આતંકવાદીઓ પાસેથી પૈસા પણ સ્વીકાર્યા  હોવાનું સામે આવ્યું છે. ધરપકડ કરાયેલા આરોપીઓએ ગત 26 જૂને ડોડા જિલ્લાના ગંડોહ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓને મદદ કરી હોવાનું કબૂલ્યું છે.

# J&K- INDEPENDENCE

જમ્મુ અને કાશ્મીરમાં, 78માં સ્વતંત્રતા દિવસ પર કોઈપણ અનિચ્છનીય ઘટનાના ન ઘટે તે માટે સલામતીનો ચુસ્ત બંદોબસ્ત કરાયો છે.. સમગ્ર જમ્મુ ક્ષેત્રમાં તંત્ર દ્વારા સલામતીના પુરતા પગલાં લેવામાં આવ્યાં છે..

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે. સ્વતંત્રતા દિવસનો મુખ્ય સમારોહ શ્રીનગરમાં બક્ષી સ્ટેડિયમમાં યોજાશે જ્યાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા તિરંગાને સલામી આપશે આ સમારોહમાં હજારોની સંખ્યામાં લોકો સામેલ થાય તેવી શક્યતા છે.

# GOVT - FISHERIES

**માછીમારોને વ્યવસાય અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે સરકાર માછીમારોના જહાજ પર એક લાખ ટ્રાન્સપોન્ડર લગાવશે.**

**નવી દિલ્હીમાં ફિશરીઝ સેક્ટરમાં એપ્લિકેશન ઓફ સ્પેસ ટેક્નોલોજી પરના રાષ્ટ્રીય સેમિનારને સંબોધતા, મત્સ્યોદ્યોગ મંત્રી રાજીવ રંજન સિંહે જણાવ્યું હતું કે જો કોઈ માછીમાર દરિયાઈ સરહદ પાર કરશે તો બોટ પર લગાવેલું ટ્રાન્સપોન્ડર એલર્ટ આપશે. તેમણે કહ્યું કે, દેશમાંથી વાર્ષિક 60 હજાર કરોડ રૂપિયાની માછલી સહિતની દરિયાઈ પેદાશોની નિકાસ થાય છે.**

**મંત્રીશ્રીએ કહ્યું કે, દેશના લગભગ ત્રણ કરોડ લોકો આ માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા છે અને સરકાર માછીમારોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.**

----------

# NAGPUR - HAR GHAR TIRANGA

9મી ઓગસ્ટથી 15મી ઓગસ્ટ સુધી ચાલનાર 'હર ઘર તિરંગા' યાત્રાની,દેશભરમાં ઉજવીણી કરાઈ રહી છે.

આ પહેલના ભાગરૂપે નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'તિરંગા મેરેથોન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર પ્રકાશ વરહાડેએ સેન્ટ ઉર્સુલા સ્કૂલમાં મેરેથોનને લીલી ઝંડી બતાવી હતી. મેરેથોનમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટે આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# BANGLADESH ADVISOR

બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર મો. તૌહિદ હુસૈને કહ્યું છે કે શેખ હસીનાના દિલ્હીમાં લાંબા સમયના રોકાણથી બાંગ્લાદેશ અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર નકારાત્મક અસર પડશે નહીં ..

પત્રકારોના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, દ્વિપક્ષીય સંબંધો એક મહત્વપૂર્ણ મુદ્દો છે અને તે પરસ્પર હિત પર આધારિત છે. ઢાકામાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા સહિતના રાજદ્વારીઓની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતી

વખતે શ્રી હુસૈને આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ભારત સાથે સારા સંબંધો જાળવવાના બાંગ્લાદેશ સરકારના પ્રયાસો ચાલુ રહેશે. બંને દેશો માટે એકબીજાના હિતો પણ સામેલ છે..

ગૃહ બાબતોના સલાહકાર બ્રિગેડિયર જનરલ (નિવૃત્ત) એમ સખાવત હુસૈને રાજકીય પક્ષોને હિંસા રોકવા માટે પ્રયાસો કરવા અપીલ કરી હતી.

# AMIT SHAH - TIRANGAA YATRA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે અમદાવાદમાં તિરંગા યાત્રાને લીલી ઝંડી આપશે. આ યાત્રામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ભાગ લેશે.

હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ અમદાવાદના વિરાટનગર વિસ્તારમાંથી આ યાત્રાનું આયોજન કરવામાં આવશે. આ યાત્રાનો ઉદ્દેશ્ય લોકોમાં એકતાઅને રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહન આપવાનો છે. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ભાગ લે તેવી શક્યતા છે.

# **PUTIN-ZELENSKY**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે રશિયાના કુર્સ્ક ક્ષેત્રમાં યુક્રેનના તાજેતરના હુમલા સંભવિત શાંતિ મંત્રણાને અસર કરનારા છે.. આ હુમલા યુક્રેનની સ્થિતિને મજબૂત કરવાનો અને રશિયન દળોને પાછા ધકેલવાનો પણ પ્રયાસ છે. યુક્રેનિયન દળોએ ગયા મંગળવારે કુર્સ્ક પ્રદેશના કેટલાક ભાગો પર નિયંત્રણ મેળવીને રશિયન સરહદ પાર કરવામાં સફળ રહી હતી. પશ્ચિમના દેશોના સહયોગથી રશિયન નાગરિકો અને પરમાણુ સુવિધાઓને નિશાન બનાવવાનો પુતિને યુક્રેન પર

આરોપ લગાવ્યો હતો.. તેમણે આવા સંજોગોમાં વાટાઘાટોની શક્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે સીમાપારથી થતા હુમલાને ખાળવા અને યુક્રેનની સલામતી માટે જરૂરી પગલા લેંવાઇ રહ્યાં છે.. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે હુમલા માટે રશિયા દ્વારા જે વિસ્તારોનો ઉપયોગ થત હતો તેની ઉપર યુક્રેને નિયત્રણ મેળવી લીધુ છે..

કુર્સ્ક પ્રદેશના કાર્યકારી ગવર્નરે અહેવાલ આપ્યો હતો કે યુક્રેન 28 વસાહતો પર નિયંત્રણ ધરાવે છે જોકે આ અહેવાલ અંગે પુતિને રાજ્યપાલને સામાજિક-આર્થિક પરિસ્થિતિ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા સલાહ આપી હતી.

અત્યાર સુધીમાં, કુર્સ્ક પ્રદેશમાંથી 1 લાખ 21 હજાર લોકોએ સ્થળાંતર કર્યું છે, અન્ય 59 હજાર જેટલા લોકો બહાર જવાની તૈયારીમાં છે.

## TRUMP-MUSK-INTERVIEW

અમરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉનલ્ડ ટ્રંપે, સોશિયલ મીડિયા એકસ પ્લેટફોર્મના માલિક એલન મસ્કને ઇન્ટરવ્યુ આપ્યો. આ ઈન્ટરવ્યુમાં રિપબ્લિક પક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ટ્રમ્પે કહ્યું કે 13 જુલાઈના પેંસિલવેનિયામાં રૈલીના દરમિયાન તેમની હત્યાનો જે પ્રયાસ થયો ત્યાર બાદ તેમનો ઇશ્વર પર વિશ્વાસ વધુ ગાઢ બન્યો હોવાનું જણાવ્યુ.

શ્રી ટ્રંપ તેમના પ્રતિદ્વવંદી કમલા હૈરિસનની આલોચના કરી હતી તેમણે દાવો કર્યો છે કે કમલા હૈરિસની દેખરેખ હેઠળ સરહદ પારથી આવતાં જોખમી પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. તેમણે રાષ્ટ્રપતિ જો બાઇડન આલોચના કરતાં કહ્યું કે અમેરિકના

ઈતિહાસમાં જો બાઇડન સૌથી ખરાબ રાષ્ટ્રપતિ હોવાનું જણાવ્યુ હતું. શ્રી ટ્રંપે ઈરાન-ઈઝરાયલ કટોકટીનો ઉપરાંત અફગાનસ્તાનની હાલની સ્થિતિ માટે અમેરિકન સરકારની ખોટી રીતે લેવાયેલા નિર્ણય જવાબદાર હોવાનું જણાવ્યુ હતું.

શ્રી ટ્રંપ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેઓ વ્લાદિમીર પુતિન અને કિમ જોંગ તેમના જેવા વિશ્વના નેતાઓને ચતુર અને ચાલાક હોવાનું જણાવાયું હતું. શ્રી ટ્રમ્પે કહ્યું કે જો, જોબાઇડન રાષ્ટ્રપતિ ના હોત, તો રશિયા યુક્રેન પર આક્રમણ ના કરતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શ્રી ટ્રંપ પર બે વર્ષ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. છ જાન્યુઆરી 2021 કો અમરિકામાં ફેલાયેલા દંગા બાદથી સોશિયલ મીડિયા પર તેમના પર પ્રિતિબંધ લગાવવા આવ્યો હતો.

# US AMBASSADOR

વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ અમેરીકામાં ભારતીય રાજદૂત તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.

સોશ્યિલ મીડિયા પોસ્ટમાં, શ્રી ક્વાત્રાએ જણાવ્યું હતું કે, તેઓ ભારત અને અમેરિકા વચ્ચે નિર્ણાયક ભાગીદારીને મજબૂત બનાવવા સક્રિય રીતે કામ કરવાનું ચાલુ રાખશે. શ્રી ક્વાત્રાએ પૂર્વ સચિવ તરનજીત સિંહ સંધુની જગ્યા ભરશે.

# I&B ADVISORY -CALAMITIES

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ ખાનગી સેટેલાઇટ ટીવી ચેનલોને સૂચના જારી કરી છે. કુદરતી આપત્તિના કવરેજમાં દર્શાવાતા દ્રશ્યો સમયઅને તારીખ સાથે દર્શાવે તેવી સૂચના આપી છે.

એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે પણ કોઈ આપત્તિ અથવા કુદરતી આફત આવે છે ત્યારે ટીવી ચેનલો ઘણા દિવસો સુધી સતત કવરેજ આપે છે પરંતુ જે દિવસે ઘટના બની તે દિવસથી વારંવાર ફૂટેજ બતાવે છે. તે કહે છે કે આનાથી દર્શકોમાં બિનજરૂરી મૂંઝવણ અને સંભવિત ગભરાટ પેદા થાય છે.

ટીવી ચેનલોને એ સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવી છે કે આવી ઘટનાઓના વિઝ્યુઅલમાં દર્શકોમાં કોઈ ગેરસમજ ન થાય તે માટે ફૂટેજની ટોચ પર 'તારીખ અને સમય' સ્ટેમ્પ પ્રદર્શિત થવો જોઈએ. ટીવી ચેનલોને પણ આવી ઘટનાઓનું પ્રસારણ કરતી વખતે પ્રોગ્રામ કોડનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

# IMD

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દેશના મધ્ય, પૂર્વોત્તર અને દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ માટેની સંભાવના વ્યક્ત કરાય છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં આગામી 7 દિવસ સુધી અલગ-અલગ વિસ્તારમાં ભારે વરસાદ ચાલુ રહેશે.

આકાશવાણીના સમાચાર વિભાગ સાથે વાત કરતા IMDના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાનીએ જણાવ્યું કે તમિલનાડુ, રાયલસીમા, કેરળ અને પૂર્વોત્તર ભારત માટે ઓરેન્જ એલર્ટની સાથે ભારે વરસાદની આગાહી કરાઈ છે....

## DIRECT TAXES

એપ્રિલથી 11 ઓગસ્ટ સુધીના કુલ પ્રત્યક્ષ કર સંગ્રહમાં પાછલા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 23.99 ટકાનો વધારો થયો છે, જે 8.13 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે.

આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે પાછલા વર્ષના સમાન સમયગાળા દરમિયાન પ્રત્યક્ષ કર સંગ્રહ 6.55 લાખ કરોડ રૂપિયા હતું. નેટ કલેક્શન 6.93 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું, જે 22.48 ટકાના વધારાને દર્શાવે છે.